ગુજરાતમિત્ર
મંગળવાર, તા. ૧૦ નવેમ્બર-૨૦૨૬
કારતક સુદ એકમ, સંવત-૨૦૮૩
નૂતનવર્ષ માંગલ્યપૂર્તિ



ટાઈટલ રંગોળી

AI પિક્ચર

: તંત્રી :
ભરત પ્રવીણકાંત રેશમવાળા

: મુખપૃષ્ઠ આર્ટિસ્ટ :
સુધાબહેન ઘેવરિયા
વિજય મિસ્ત્રી

: આર્ટિસ્ટ સહાયકો :
મલ્હાર કોડી વંશિકા જેઠાની
પલક ચેવલી ઈશાની દવે

: તસવીરકાર :
અંકિત વિજયભાઈ પણાલી

: તસવીર સંયોજન :
હેમંત ડેરે

: મુખપૃષ્ઠ AI ક્રિએશન :
નીલેશ દવે

: કલા સંયોજન :
સનત દવે

આ વખતના મુખપૃષ્ઠ વિશે....

૬૨ વર્ષે નૂતન વર્ષ માંગલ્ય પૂર્તિમાં ટાઈટલ પર કંઈક અનોખું અને નવું આપવાની 'ગુજરાતમિત્ર'ની આગવી પરંપરા રહી છે. 'ગુજરાતમિત્ર'ના વાચકો અને આસપાસના વિસ્તારમાંથી બિનવ્યાવસાયિક છતાં થીમને અનુરૂપ વ્યકિતઓને પૂર્તિના મુખપૃષ્ઠ પર ચમકવાની તક પૂરી પાડીએ છીએ. આ રીતે છેલ્લાં ચાળીસેક વર્ષમાં 8થી 10 વર્ષનાં બાળકોથી માંડી 80-82 વર્ષની વ્યક્તિઓને મોડેલ્સ તરીકે રજૂ કર્યાં છે જેમાં શહેરના લોકપ્રિય તત્કાલીન કમિશનર એસ. આર. રાવ જેવાનો પણ મોડેલ તરીકે સમાવેશ થયો હતો. સામાન્ય રીતે અલગ અલગ જાણીતાં - અજાણ્યાં આકર્ષક લોકેશન પર મોડેલ્સ સાથે દિવાળીનો માહોલ ઊભું કરતું મુખપૃષ્ઠ પ્રકાશિત કરીએ છીએ. આ વર્ષે પૂર્તિમાં કયા મોડેલ્સ હશે, કયું લોકેશન હશે એવી વાચકોમાં ઉત્સુકતા પણ રહે છે કારણ કે હંમેશાં મુખપૃષ્ઠમાં કંઈક ને કંઈક નવું જ હોય છે. તદ્દન જ કંઈક જુદું કરવાની ખેવનાથી ક્યારેક મોડેલ્સના ફોટોગ્રાફ્સ તો ક્યારેક પેન્ટિંગ તો ક્યારેક કાર્ટૂનિસ્ટ પાસે દિવાળીનો માહોલ ઊભું કરતું કાર્ટૂનચિત્ર તો આજના AI યુગમાં ચંદ્ર પર દિવાળીનો માહોલ કેવો હશે તે દર્શાવતું અલગ મુખપૃષ્ઠ પણ કર્યાં છે. અલબત્ત, આ વર્ષે મુખપૃષ્ઠના સ્ટાર્સ દર વખતની જેમ મોડેલ્સ નહિ પરંતુ આર્ટિસ્ટ છે.

'ગુજરાતમિત્ર' ની અનોખી પરંપરા મુજબ આ વર્ષે મુખપૃષ્ઠ પર શું નવું આપવું એનું વિચારવલોણું શરૂ થયું. એક સૂચન થયું કે દિવાળીની પરંપરામાં જેનું મહત્ત્વ છે અને શુભનું પ્રતીક છે એવી રંગોળી આપીએ તો? આજે અપાર્ટમેન્ટને કારણે ઘરનાં આંગણાં પહેલાં જેવાં નથી રહ્યાં અને જમાનાની ઝડપને કારણે રંગોળી પૂરવાનું ચલણ ઘટતું ગયું છે. અલબત્ત, રેડીમેડ રંગોળી, બીબાંથી પડાતી રંગોળી, સ્ટીકર્સ રંગોળીઓ આજે પણ નાની જગ્યામાં પુરાય છે પરંતુ કરોઠી, કલરથી પુરાતી રંગોળી મોટા ભાગે હરીફાઈ અને ધાર્મિક, શુભ સમારંભો સુધી જ સીમિત રહી છે. પહેલાં તો ઘરે ઘરે આંગણાંમાં રંગોળી પુરાતી, સ્પર્ધા થતી અને લોકો રંગોળી જોવા માટે નીકળતાં. એ ભવ્ય ભૂતકાળની યાદ તાજી કરવા અને રંગોળીની આ પરંપરાને જીવંત બનાવવાના ઉદ્દેશથી નક્કી થયું કે આ વર્ષે મુખપૃષ્ઠ માટે રંગોળી કરાવીએ.



થીમ નક્કી થયા પછી એ કેટલો શક્ય છે, શું શું મુશ્કેલીઓ આવશે તેના પર ફોકસ શરૂ થયું. સૌથી પહેલાં તો દિવાળીનો માહોલ ઊભો કરતું એક ચિત્ર અમે AI પર તૈયાર કરાવ્યું. આ ચિત્ર પરથી રંગોળી થઈ શકશે કે નહિ એ જાણવા માટે અમે આર્ટિસ્ટ સુધાબહેન ઘેવરિયાનો સંપર્ક કરી એમની સાથે ચર્ચા કરી પૂછ્યું કે તમે આ ચિત્ર રંગોળીમાં કરી શકશો? તો એમણે ચિત્ર જોઈ ઉત્સાહભેર કહ્યું કે હા, ચોક્કસ જ થઈ શકશે. ચાલો, થીમ નક્કી થઈ ગયો, આર્ટિસ્ટ પણ નક્કી થઈ ગયાં. હવે શરૂ થયો ચર્ચાનો દોર કે રંગોળી કયાં કરવી અને ફોટોગ્રાફી કઈ રીતે કરવી? ખુલ્લામાં રંગોળી કરવી એ તો શક્ય જ નહોતું કારણ કે આટલી મોટી રંગોળી બનાવતાં અને ફોટોશૂટ કરવા માટે બે દિવસનો સમય તો જોઈએ જ. પરના કાર્યાલયમાં ડબલ હાઈટ હોવાથી રંગોળી ત્યાં કરવાનું નક્કી થયું. દિવસ નક્કી કરી બે દિવસની તનતોડ મહેનત બાદ તમે મુખપૃષ્ઠ પર આ જે જુઓ છો તે 5' x 8' સાઈઝમાં રંગોળી તૈયાર થઈ.

આકર્ષક રંગોળી તો થઈ ગઈ અને શરૂ થઈ ફોટોશૂટની પ્રોસેસ... ત્યાં જ સામે મુશ્કેલી પણ આવી. અમુક ટેક્નિકલ કારણસર ડ્રોનથી ફોટોગ્રાફી કરવાનું શક્ય ન બન્યું તો હવે શું કરવું? એ પ્રશ્ન ઊભો થયો. અંતે એનો પણ ઉપાય મળી ગયો અને 15 થી 20 ફૂટ ઊંચી સીડી લઈ ફોટોશૂટ શરૂ થયું અને એનું અંતિમ સુંદર પરિણામ તમે વળી ફોટોગ્રાફી ડ્રોનથી કરવાનું નક્કી કર્યું એટલે ડ્રોન ઊડે એટલી ઊંચાઈ મળી રહે એવી જગ્યાની શોધ થઈ અને આવી બીજી કોઈ જગ્યા ધ્યાનમાં ન આવતાં છેવટે 'ગુજરાતમિત્ર'ના જ ભટાર રોડ નજરોનજર મુખપૃષ્ઠ પર જોઈ શકો છો. બે દિવસ દરમિયાન તૈયાર થયેલી રંગોળીના તબક્કાવાર ફોટોગ્રાફ્સ અહીં રજૂ કર્યા છે. જેથી તમને એની પાછળની મહેનતનો અંદાજ આવી શકે.



આ વખતની પૂર્તિનાં સ્ટાર્સ મોડેલ્સ નહીં પરંતુ આર્ટિસ્ટ સુધાબહેન ઘેવરિયા, વિજય મિસ્ત્રી અને તેમનાં ટીમ સહાયકો મલ્હાર કોડી, વંશિકા જેઠાની, પલક ચેવલી અને ઈશાની દવે છે. સુધાબહેન પોતાની સફર યાદ કરતાં જણાવે છે કે, "મેં 15-16 વર્ષની ઉંમરથી રંગોળી કરવાનું શરૂ કર્યું હતું. એ વખતે વ્હાઈટ કરોઠીમાં કલર નાખી જાતે વિવિધ કલર્સ બનાવતાં જે થોડાં કરકરા રહેતાં. હવે તો રંગોળીમાં પણ ઘણું વેરીયેશન આવ્યું છે. 3 D રંગોળી, રિયાલિસ્ટીક, રેડીમેડ રંગોળી, સ્ટીકર રંગોળી... પરંતુ હાથથી રંગોળી કરવાની મજા જ કંઈક અલગ છે. રંગોળી કરવી બહુ સરળ છે એવું ભલે લાગે પરંતુ એમાં પણ કુનેહ અને પ્રેક્ટિસની જરૂર હોય છે, અનેક ટ્રીક્સ હોય છે. હાથની ચપટી કઈ રીતે લઈ રંગ ભરવા એ પણ એક કળા છે. હા, પ્રેક્ટિસથી એ ચોક્કસ આવડી જાય છે."

સુધાબહેને અગાઉ 13 કલાકમાં 1 કિ.મી. લાંબી રંગોળી ટીમ વર્કથી કરી છે. સુધાબહેન એક મલ્ટી ફેસેટેડ આર્ટિસ્ટ છે. તેઓ રંગોળી, ગણપતિ મેકિંગ વર્કશોપ, પેન્ટિંગ, લગ્નપ્રસંગે લાઈવ સ્કેચીસ, કેરિકેચર વગેરે પણ કરે છે. એમના ટીમમેટ વિજયભાઈ પ્રોફેશનલ આર્ટિસ્ટ છે અને કેનવાસ પેન્ટિંગ કરે છે. મલ્હારને રંગોળી અને પેન્ટિંગનો શોખ છે. વંશિકા, પલક અને ઈશાની કેનવાસ પેન્ટિંગ, પોર્ટ્રેટ કરે છે.





રંગોળી આર્ટિસ્ટ સુધા ઘેવરીયા, વિજય મિસ્ત્રી અને સહાયક ટીમ

'ગુજરાતમિત્ર' સાથેના અનુભવ અંગે સુધાબહેન જણાવે છે કે, "અમને 'ગુજરાતમિત્ર' જેવું વર્ષો જૂનું, જાણીતું અને મોટું પ્લેટફોર્મ મળ્યું તેનો અનહદ આનંદ છે. આજે આર્ટિસ્ટ માટે લોકો સુધી પહોંચવું ખૂબ જ જરૂરી છે અને અમને એ તક મળી." બે દિવસની અથાગ મહેનત બાદ ચિત્ર પરથી આબેહૂબ તૈયાર થયેલી સુંદર અને આકર્ષક રંગોળી જોઈ અમને તો એ નજરે જોનારના પ્રતિભાવ મળ્યા કે અદ્ભુત, અતિ સુંદર... તમને આ રંગોળી કેવી લાગી તે ચોક્કસ જ જણાવશો.

ઉગશે સુખનો સુરજ, લાવશે શાંતિ-સમૃદ્ધિ
નવું વર્ષ સુરતના ઐશ્વર્યમાં કરશે ઘણી વૃદ્ધિ

નૂતન વર્ષાભિનંદન...

યુનિક
કન્સ્ટ્રક્શન

DI-005